શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૪૧ ● સળંગ અંક : ૯૨ ● તા. ૧૪ માર્ચ ૨૦૨૦ થી ૨૦ માર્ચ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# ઓર્ગન ડોનેશન વિષયે સમાજમાં જાગૃતિ લાવવા ‘મહાદાન’ નાટકની રજૂઆતને સફળતા અપાવવા સૌ તડામાર તૈયારીઓમાં




## શુક્રવાર, તા.૩ એપ્રિલ ૨૦૨૦

## સ્થળ : મહાકવી કાલિદાસ નાટ્યગૃહ, પી.કે.રોડ, મુલુંડ(વેસ્ટ)

# DONOR PASS AVAILABLE

આ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈ નથી, પગલાં વસંતના.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલો ના લૈ,
દોરી રહ્યું છે કોણ, આ નકશા વસંતના.
ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે, તડકા વસંતના.

- મનોજ ખંડેરીયા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ

ધંધા, રોજગાર કરનાર વ્યવસાયિક કે વેપારી, ઉદ્યોગપતિ ગમે તેટલી ઉંમરે પહોંચે એ સહેલાઈથી રીટાયર્ડ થતો નથી. સંતાનો વયસ્ક થઈને પોતાના ખાનદાની કારોબાર સંભાળી લે છતાં પરિવાર મોભી તરીકે સૂત્ર સંચાલન કે કારોબારમાં માર્ગદર્શન આપતો રહે છે. આમ સ્વાસ્થ્ય સાથ આપે ત્યાં સુધી પોતે સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારતો નથી. જ્યારે સરકારી કે ખાનગી કું માં જોડાયેલ વ્યક્તિ ૫૮ કે ૬૦ ઉંમરે ફરજિયાત રીતે નિયમાનુસાર ફરજ મોફુક થઈ જાય છે. આમ સતત પાંત્રીસ કે અડત્રીસ વર્ષ સુધી પ્રવૃત્ત રહેલ વ્યક્તિ અમુક ઉંમરે પહોંચે એટલે સેવા નિવૃત્ત થઈ જાય છે. વર્ષો સુધી સવારથી મોડી સાંજ સુધી પોતાના સમય માળખામાં પ્રવૃત્ત રહી કાર્ય કરનાર, પોતાના માલિક કું કે સંગઠનને વફાદાર રહી તેનું શ્રેય કલ્યાણ ઈચ્છનાર ઓંચિતાના એક દિવસે નવરાશ ભોગવતો થઈ જાય ત્યારે કોઈ નબળી પ્રવૃત્તિનો માનવી ડિપ્રેશનનો ભોગ બની જાય છે. આખો દિવસ વહેલી સવારે નીકળી મોડી સાંજે કે રાતે ઘર ભેગો થનાર અચાનક નવરો થઈ જવાથી હતાશાને લીધે નર્વસ અનુભવે છે.

ખરૂં જોઈએતો નિવૃત્તિ વયે પહોંચનાર કોઈ સેવાભાવી સંસ્થા, ટ્રસ્ટ કે જ્ઞાતિના મહાજન, મંડળમાં સ્વૈચ્છિક રીતે, નિઃસ્વાર્થી રીતે ઉપયોગી થઈ સમાજને ઉપયોગી થઈ ઋણ મુક્ત થવું જોઈએ. કમાઈ કરવામાં તો ત્રીસ, પાંત્રીસ વર્ષ પસાર કરી લીધાં પણ હવે સેવા કરવાના ઉદ્દેશથી બાકી બચેલા વર્ષો ખપાવવા જોઈએ.

જીવનની ત્રણ અવસ્થા છે. બાળપણ, યુવાની અને વૃધ્ધાવસ્થા. શૈશવ અવસ્થા નિર્દોષ કલકલ ઝરણાં જેવી હોય છે. યુવાની ખુમારી ભરી, ઉમંગ ઉત્સાહના ધોધથી ગર્જતી, જ્યારે વૃધ્ધાવસ્થા સેવા, માવજત અને સહાનુભૂતિ માટે ઓશિયાળી અવસ્થા છે. જનરેશન ગેપને લીધે પ્રેમ અને આદરને ઝંખતા વડીલો અસલામતી અનુભવતા જીવે છે. સ્વાસ્થ્યથી લાચાર, અશક્ત શરીર અને આદર-માન ભંગની પીડા દબાવી જીવે છે. ઉંમર વધતાની સાથે સાવચેત અને સજાગ બનવું જોઈએ. નાના મોટા પ્રત્યે પ્રેમાળ ભાવ કેળવવો જોઈએ. સમય અને સંજોગને ઓળખી પોતાનું મનોવલણ ઘરમૂળથી બદલે તો કંઈક શાંતિ અનુભવે, સંતોષી રહી શકે.

મૃત્યુનો ભય રાખ્યા વગર સ્વસ્થતાથી જીવવું. અન્યની ભૂલોને ગણકાર્યા વગર તે પ્રત્યે નરમ વલણ અપનાવવું. પરિવર્તન સંસારનો નિયમ છે એ અફર સત્યને સહજતાથી સ્વીકારો. જે સમય વીતે છે એ કિંમતી છે. જેની ઉપર આપણો કોઈ અંકુશ નથી. પૈસા જરૂરી છે તેનું મહત્વ છે પણ આ ઉંમરે આરોગ્ય ઉત્તમ હોય એ પ્રકારે આહાર વિહાર ગ્રહણ કરવો જોઈએ. પહેલું સુખ તે જાતે નર્યા. શરીર સ્વસ્થ તો સંસાર મસ્ત એ કુંચીને અપનાવી જીવનશૈલી બનાવવી જોઈએ. ઘેઘુર વૃક્ષ જેમ થાકેલાઓને છાંયડો આપે, વિસામો આપે એ અવસ્થા અત્યારે શરીર ભોગવે છે જે પ્રમાણે સૌને પ્રત્યે વહાલ ભાવ, મૈત્રી ભાવ રાખી સૌનો પ્રેમ પામવો જોઈએ પલંગની પથારીમાં વરસો વીતે એ કરતાં ઘરમાં હલન ચલન કરતા ઘર પરિસર, પડોશમાં ટ્રાફિકથી દૂર હાલવું ચાલવું થાય તો તન, મન સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે. આવી પ્રવૃત્તિ અપનાવી નિવૃત્તિ માણવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# ઓર્ગન ડોનેશન વિષયે સમાજમાં જાગૃતિ લાવવા 'મહાદાન' નાટકની રજૂઆતને સફળતા અપાવવા સૌ તડામાર તૈયારીઓમાં



શુક્રવાર તા.૩ અપ્રિલ ૨૦૨૦ રોજે મુલુંડના મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમમાં રાત્રે ૮ કલાકે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ સમાજમાં નવાપ્રકારની જાગૃતિ લાવવા અને અંગદાન વિષે મહતા દર્શાવતા નાટક 'મહાદાન'ની રજૂઆત કરાશે.

વાગડ સમાજ થાણાના ડોક્ટરો દ્વારા અભિનીત આ નવતર પ્રકારનું નાટક આજના સાંપ્રત સમયમાં ઓર્ગન ડોનેશન વિષેયક જાણકારી અને જાગૃતિ આપવા મેમ્બરો સાથે સમસ્ત મહાજનની ટીમ જ્ઞાતિ સમાજને સંદેશ જાગૃતિ માટે આઠ હજાર જેટલા પરિવારોને પાર્સલ પેકેટ મોકલવા જહેમત કરી અંગદાન પ્રત્યે સમગ્ર સમાજ જાગૃત થાય અને ઓર્ગન ડોનેશન વિષયેની આ ઝુંબેશ સફળતાને વરે એવા પ્રયાસોમાં રત છે. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડના માર્ગદર્શન હેઠળ આ જાગૃતિ ઝુંબેશ થઈ રહી છે.





JAYMAN KHONA - 9869473339
anmol COLLECTION
ART & FRAMES
ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS
8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339
Anmol Balaji Broking
Estate and Investment Consultant
MAHARERA ID : A51800000364
8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# શ્રી ભલારા દાદાની ૩૨મી સમૂહ પહેડી મુલત્વી

**હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસના પ્રકોપ સામે જાગૃતિ માટેના પગલા લેવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા નોટીફીકેશન પ્રમાણે કોઈપણ જાહેર કાર્યક્રમો કરવાના નથી તે સૂચનાને અનુલક્ષીને તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારના શ્રી ભલારા દાદાની ૩૨મી સમૂહ પહેડી હાલ પુરતી મુલત્વી રખાયેલ છે. જેની ભાવિકગણ નોંધ લે. એમ ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.**

# આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું હિંદમાતા સંઘમાં સામૈયું કરાયું



તા.૧૨ માર્ચ ગુરૂવાર દિને સવાર સમયે ઘાટકોપર જીરાવલ્લાથી વિહાર કરી પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજીઓ દાદરના હિંદમાતા સંઘના આંગણે દીક્ષાર્થી નિર્મળાબેન ગાલાના દીક્ષા પ્રસંગે પધાર્યા. તેમનું સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરાયું.

દીક્ષાર્થીનો વરઘોડો વાજતે ગાજતે તેજ સમયે નીકળ્યો હતો ત્યારબાદ આહુજા હોલમાં માંગલિક, પ્રાસંગિક પ્રવચન, નવકારશી વિગેરે રાખવામાં આવેલ.
















# પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી રીતે ઉજવણી કરાઈ




પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી 'અનન્યા' કાર્યક્રમ દ્વારા, શુક્રવાર, ૬ માર્ચની સાંજે કરવામાં આવી.

આંતરજ્ઞાતીય લગ્નગાંઠે બંધાઈને; પારકા-પોતિકાનો ભેદ ભુલાવીને, પોતાની ઝળહળતી સિદ્ધિઓથી પિયર-શ્વસુર બન્ને કુળને દીપાવનારી કુળ ઉજ્જવલા-કુલ ૧૦ પુત્રીઓ અને પુત્રવધૂઓનું ભવ્ય બહુમાન કરવામાં આવ્યું .

આ કાર્યક્રમ, મુંબઈના પરા મુલુંડ સ્થિત કાલિદાસ સભાગૃહમાં યોજાયો હતો. પરબની ટ્રસ્ટી બહેનો દ્વારા આમંત્રિત મહેમાનોને ઊમળકાભેર આવકાર અપાયા બાદ ચહા-કોફી પછી સંચાલક હેમા શાહના સ્વાગત સંબોધનથી પ્રોગ્રામ શરૂ થયો. પરબના ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ ના અવસાન પામેલા પુત્ર અને શ્રીમતી અમિ શાહ ના પતિ  સ્વ. નીરજના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પળાયું.

રાગા પિયાનીસ્ટ દીપક શાહ અને સાથી કલાકારો દ્વારા નવકારમંત્રની સંગીતમય ધૂનના મધુર વાદન સાથે મુખ્ય દાતા પરિવારની ત્રણ ગૃહલક્ષ્મીઓ અને પરબની ત્રણ બહેનો દ્વારા દીપ પ્રાગટ્યની વિધિ સંપન્ન થઇ. ત્યારબાદ પરબના શિલ્પા અજાણીએ કાવ્યાત્મક શૈલીમાં પરબનો સંક્ષિપ્ત પરિચય આપી પરબના ૨૮ વર્ષના પ્રવાસની ઝલક Audio-video પ્રસ્તુતી દ્વારા કરાવી.

કાર્યક્રમનો દોર આગળ વધારતાં, મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને પદમ લધુભાઈ સોનીને મંચપર મણીકાંતભાઈ ધુલ્લા, શ્રીમતી પુષ્પાખોના અને શ્રીમતી લીના કાયાણીએ માનભેર લઈ જઈને તેમનું બહુમાન કર્યું. પોતાના ક્ષેત્રમાં ઝળહળતી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ બે અનન્યાઓની સરાહના મંચ પર બીરાજમાન મહાનુભાવો દ્વારા થઈ. પહેલી અનન્યા,  શ્રીમતી સાધના અને દિલીપ દંડની દીકરી ડો. યામીની અનીશ શાહ, જેઓ એક Literary researcher છે અને ૨૦૧૯માં કાલાઘોડા આર્ટ ફેસ્ટીવલના લીટરરી સેગમેન્ટના કો-ક્યુરેટર હતા, રૂઈયા કોલેજના member of Advisory council for literature  છે. તેઓએ બેસ્ટ ગાઈડ તરીકે રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હસ્તે President's Award પણ હાંસિલ કરેલ અને ભારતીય સંસ્કૃતિ અને કળાને પ્રોત્સાહન આપવા બદલ ૧૫૦થી પણ વધુ દૈનિક સમાચાર પત્રોમાં ચમક્યા.

આપણી જ્ઞાતિનાં પ્રથમ સોલીસીટર સ્વ. પદમશી ખોનાની પૌત્રી અને સોલીસીટર બંકીમચંદ્ર ખોનાની પુત્રી ઝરણા ખોના અહમદનું, કે જેઓ પ્રથમ KDO લેડી સોલીસીટર તરીકેનું સમ્માન ધરાવે છે,  તેમનું બીજી અનન્યા તરીકે બહુમાન થયું.

ત્યારબાદ બીજા મુખ્ય દાતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના બે ટ્રસ્ટીઓ કલ્પેશભાઈ મોતા (મુંબઈ મહાજનનાં વર્તમાન પ્રમુખ) અને તરુણ ધરમસી તથા શ્રીમતી હીનાબેન કલ્પેશ મોતાનું સન્માન શ્રીમતી જયશ્રીબેન અને ડો કાંતીલાલ દંડ તથા શ્રીમતી મીરાબેન મોમાયા દ્વારા કરવામાં આવ્યું. તે સહુના હસ્તે બીજી બે અનન્યા, ઉર્વશી સનત ખોના અને ડો. પારુલ શાહ રુસ્તમજીનું બહુમાન કરાયું. TV media Journalist ઉર્વશી, IBN 7, TV9 અને તાજેતરમાં India News અને NewsX માં કાર્યરત છે. શ્રી કુંવરજી પરબત ખોના પરિવારની આ દીકરીને લૂંટ ચલાવતી બ્લડ બેંક તથા આધાર કાર્ડ સેંટર કૌભાંડનો, sting operations વડે પરદાફાશ કરવા બદલ News Television Award અને તાજેતરમાં 'Best Ground coverage - Beed hysterectomy investigation' માટે ENBA award અપાયો.

બીજી બાજુ પારસી કુટુંબમાં પરણેલી ડો. પારુલ શામજી શાહે સંપુર્ણ શૈક્ષણીક સફરમાં અવ્વલ દરજ્જો હાંસલ કરી ગોલ્ડ

# પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી રીતે ઉજવણી કરાઈ



દીપ પ્રાગટ્ય કરતાં મુખ્ય દાતા પરિવારના શ્રીમતી પ્રભા સોની, શ્રીમતી હીના મોતા, શ્રીમતી દમયંતી શાહ સાથે પરબનાં પુષ્પા ખોના





મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને ... સોનીનું સન્માન કરતા શ્રી ... ધુલ્લા, શ્રીમતી પુષ્પા ખોના અને શ્રીમતી લીના કાચાણી

મેડલ પ્રાપ્ત કર્યા છે.

Consultant Gynaecologist અને consultant surgeon ડો. પારુલનું નામ Guinness Book of world recordsમાં નોંધાયું છે. તેઓ, 'સૌથી મોટા ગર્ભાશયને લેપ્રોસ્કોપિકલી નિર્મૂળ કરનાર' ટીમના સદસ્ય હતા.

પરબનાં ત્રીજા મુખ્ય દાતા શ્રીમતી દમયંતીબેન અને શ્રી ચાંપશીભાઈ શાહ (લોખંડવાલા)નું સન્માન વસંતભાઈ વિકમસી, શ્રીમતી કાશ્મીરાબેન લૂઢીયા અને શ્રીમતી ચંદનબેન મોમાયાએ કર્યું. એ બધાએ પછીની ત્રણ અનન્યાઓની સરાહના કરી. તમીલીયન બ્રાહ્મણને વરેલા લક્ષ્મીચંદ રતનશી ખોનાના સુપુત્રી ડો પરવીન પ્રસાદ, પૂણે વિધ્યાપીઠનાં Recognised PhD ગાઈડ અને Symbiosisના GDPI panelist હોવાની સાથે- સાથે corporate Trainer અને અવ્વલ દરજ્જાના લેખિકા પણ છે. તેમના ત્રણ પુસ્તકોમાંથી એક 'Stop! Don't go there! Mistakes made by top leaders'ને 'હેરી પોટર'ના પબ્લીશર Bloomsbury દ્વારા પ્રકાશિત કરવામાં આવી અને તેને ખૂબ સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

પરવીન પછી વારો આવ્યો ૧૯૮૮ થી અમદાવાદ દૂરદર્શન કેંન્દ્રમાં ન્યુઝ રીડર તરીકે જોડાયેલા ફાલ્ગુની હીરેનનો. ન્યુઝ રીડર તરીકે સૌથી લાંબા ગાળા સુધી TV ન્યૂઝ રીડીંગ સેગ્મેન્ટ સાથે સંકળાયેલા હોવા બદલ તેમણે લીમ્કા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત તેઓ એક સફળ એંકર, ફોક ડાન્સર, નૃત્ય નિર્દેશિકા અને થિયેટર આર્ટિસ્ટ પણ છે. શ્રી કુંવરજી પાસ્વીર નાગડા (શાહ)ના પુત્રવધૂ ફાલ્ગુનીએ 'સ્પંદન' નામની લોક નૃત્ય એકેડમી ૧૯૮૮માં અમદાવાદમાં સ્થાપી, જેના કેન્દ્રો, વડોદરા અને સૂરતમાં પણ છે.

શ્રી ભરત વાલજી ખોનાનાં પુત્રવધૂ (મ્યુનિસિપલ કાઉન્સીલર) શ્રીમતી નેહલ અમર શાહ (ખોના) બૃહનમુંબઈ મહાનગરપાલીકા ના F/ North ward ૧૭૭ના નગરસેવીકા તરીકે સેવા આપી રહ્યા છે.

૨૦૧૭ના ઈલેક્શનમાં ભાજપના ઉમેદવાર તરીકે ૮૧૫૦ વોટનાં માર્જિન સાથે જ્વલંત વિજય પ્રાપ્ત કરી ફક્ત બે જ વર્ષમાં માટુંગા, સાયન-કોલીવાડા તથા દાદરના વિસ્તારોમાં ૧૫થી પણ વધારે નોંધપાત્ર સુધારા-વધારા કરાવી નેહલ એક ખૂબજ સફળ નગરસેવિકા સાબિત થયા છે .





બીજા મુખ્ય દાતા ... ટ્રસ્ટના બે ટ્રસ્ટીઓ ... (મુંબઈ ... વર્તમાન પ્રમુખ) અને શ્રી ... ધરમસી તથા હીનાબેન કલ્પેશ મોતાનું સન્માન કરતાં ...બેન અને ડો કાંતીલાલ દંડ તથા મીરાબેન મોમાયા





ત્રીજા મુખ્ય દાતા શ્રીમતી દમયંતીબેન અને શ્રી ... શાહ (લોખંડવાલા) નું સન્માન કરતા શ્રી વસંતભાઈ વિકમસી, શ્રીમતી કાશ્મીરા ... અને શ્રીમતી ચંદન મોમાયા

# પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી રીતે ઉજવણી કરાઈ



Literary researcher ડૉ. યામીની અનીશ શાહનું બહુમાન



પારસી કુટુંબમાં પરણેલા
ડૉ. શારદા શામજી શાહ (રૂસ્તમજી) નું થતું બહુમાન

બાકીના ત્રણ 'અનન્યાઓ' સત્કાર સમારંભમાં હાજરી આપી ન્હોતા શક્યા. ભારતનાં પ્રખ્યાત ઈમેજ કનસ્લટન્ટ શ્રીમતી છાયા મોમાયા તેમના પિતાનાં નિધનનાં કારણે, યુક્રેનીયન એવોર્ડ વીનીંગ ફિલ્મ ડાયરેક્ટર દારીયા ગાય મોમાયા તેમના દાદા સસરાનાં નિધનનાં કારણે અને DCP ઝોન -૪ (સૂરત) પન્ના નીતીન પદમશી મોમાયા, જેઓ પોલીસ ફોર્સમાં, KDO જ્ઞાતિનાં પ્રથમ મહિલા DCP છે, જેમને નાનપણથીજ અનેકોનેક રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ, પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે, તેમના ઉપર વધુ જવાબદારી હોવાના કારણે, તેમની રજા નામંજૂર થઈ અને તેઓ મુંબઈ આવી ન શક્યા.

દસે દસ અનન્યાઓની અપ્રતિમ ઓડીયો- વીડીયો પ્રસ્તુતીની સાથે તેમના વીડીયો સંદેશાનું પ્રસારણ કરી પરબે કાર્યક્રમમાં એક અનોખો રંગ પૂર્યો હતો.



Corporate Trainer અને લેખિકા
ડૉ. પરવીન પ્રસાદની થતી સરાહના

ત્યાર બાદ પરબની ટ્રસ્ટી બહેનોએ ક્રમશઃ ૫ ગોલ્ડ દાતા, ૧૨ સિલ્વર દાતા અને ૯ અન્ય દાતાઓનું સન્માન કર્યું. ઓડીટોરીયમ માટે મેઘભાઈ ખોના, કલાકારો શ્રીમતી પ્રીતિ તથા દીપકભાઈ શાહ, લલિતભાઈ શાહ અને સંચાલિકા શ્રીમતી હેમા શાહનું પણ બહુમાન કરવામાં આવ્યું.

હર્ષા ધરમસીએ આભાર વિધિ સંપન્ન કરી. મધ્યાંતરમાં ભોજન વ્યવસ્થાનો લાભ લઈ પ્રેક્ષકોએ રાગા પિયાનિસ્ટ દિપક શાહ અને તેમના ગ્રુપ દ્વારા બોલીવુડના સદાબહાર અને સમકાલીન ગીતોનું સુમધુર નવસર્જન માણ્યું. જાણીતા ગુજરાતી ગીતો સાંભળી સૌ કોઈ ઝૂમી ઉઠ્યા અને કચ્છી ગીતોના તાલ પર રાસની રમઝટ જામી! ૫ લક્કી ડ્રો રાખવામાં આવેલ જેના સ્પોન્સર મહાવીર સારીઝ (માટુંગા), જેમણે બે ઈનામો આપ્યા, ખીરેશ લલિત પટેલ (મસ્જિદ બંદર)- ફેશન જ્વેલરી, Invest n Rest, ઈન્સ્યુરન્સ એડવાઈઝર વૈશાલી શાહ-ચેંબુર (ગીફ્ટ હેમ્પર) અને Fly high travels ના ઋષભ મોતા હતા.

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી 'અનન્યા', પધારેલ સર્વેનાં હૃદયમાં એક અનોખા અનુભવની લાગણી પ્રેરીને આ સાંજને સહુને માટે યાદગાર બનાવી ગઈ.



TV ન્યુઝ રીડર અને પરફોર્મીંગ આર્ટિસ્ટ,
શ્રી કુંવરજી પદમશી નાગડા (શાહ) ના પુત્રવધુ
ફાલ્ગુની શેઠ નું બહુમાન



મ્યુનિસિપલ કાઉન્સીલર
શ્રીમતી નેહલ અમર શાહ (ખોના) નું સન્માન.

# સખીવૃંદ મહિલા મંડળ પૂણેએ મહિલા દિનની ઉજવણી અનોખી રીતે કરી

પૂનાના સખીવૃંદ મહિલા મંડળના ક્રિયાશીલ પદાધિકારીઓ પ્રમુખ કલ્પના લાપસીયા, ઉપપ્રમુખ મીતા લાલકા, આઈ.પી.પી.પુષ્પા લોડાયા, સેક્રેટરી કોમલ ધરમશી અને સભ્યો લેખા માલદે અને મહિમા નાગડાએ તા.૮માર્ચ રવિવારના જાગતિક મહિલા દિવસની ઉજવણી સમાજની ૨૯ વર્ષથી ૭૫ વયની ૨૩ જેટલી મહિલાઓ જેઓ સ્વબળથી પોતાના મનગમતા ક્ષેત્રમાં આગળ વધી ટોચે પહોંચી સમાજમાં નામના અંકિત કરી મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની સિધ્ધિઓને બિરદાવતો વિડીયો સંકલન કરી એ ૨૩ મહિલા સાહસિકોના કાર્યને બિરદાવી સેલ્યૂટ કરી છે.

ટ્યૂટર, પેન્ટર, આર્ટિસ્ટ, ઈવેન્ટ પ્લાનર, યોગ ઈન્સ્ટ્રક્ટર, ઓલ્ટરનેટ હીંલીંગ થેરેપીસ્ટ, એન્કર તેમજ સ્ક્રીપ રાઈટર, એમ્બ્રોડરી એક્ષ્પર્ટ, હોલીડે પ્લાનર, જૈનીઝમ લર્નર અને સોશ્યલ વર્કર જેવા વિવિધ ક્ષેત્રમાં આગળ વધનાર મહિમા નાગડા, જીનલ મૈશેરી, મયૂરી મોમાયા, ડિમ્પલ લોડાયા, જિનલ લોડાયા, વિનિસા ધરમશી, ડીનલ શાહ, વિનલ લાલકા, મીતા નાગડા, કાનન ધરમશી, કલ્પના લાપસિયા, ભાવના મૈશેરી, મિતા લાલકા, નીતા દંડ, હીના રતાણી, જયશ્રી મૈશેરી, ચંદ્રિકા શાહ, મીતા મોમાયા, લતા મોમાયા, રૂપા શાહ, જીવનબેન નાગડા, કાશ્મીરા લોડાયા અને નલીની લાપસીયા છે.

મહિલા દિવસે સમાજની મહિલા શક્તિ મહિલા સાહસિકો, ઉત્સાહી વ્યવસાયિકો અને સમાજ માટે સમર્પિત સન્નારીઓની સિધ્ધિઓને બિરદાવી અનોખું કાર્ય કર્યું છે. પૂનાના સખીવૃંદ મહિલા મંડળએ જબ દેશ કી બેટી ખડી હોતી હૈ, તભી જીત બડી હોતી હૈ એ સાર્થક કરી બતાવ્યું છે.

# ગોરેગામ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અંજનશલાકા પ્રતિષ્ઠા સપ્તાન્હિકા મહોત્સવ મુલત્વી રખાયો

શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ આયોજીત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અંજનશલાકા પ્રતિષ્ઠા સપ્તાન્હિકા મહોત્સવ તા.૧૬ માર્ચથી ૨૩ માર્ચ સુધીનો આયોજીત કરાયેલ. જે હાલે કોરોના વાયરસ વધુ ન ફેલાય એ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ મુકાતા સદર કાર્યક્રમ મુલત્વી રાખવાની ફરજ પડી છે. જેની સકળ સંઘ, નિયાણી બહેનો તેમજ આમંત્રિત મહેમાનોએ નોંધ લેવી. નવું મુહુર્ત પ્રદાન થયેથી વિગત વાર કાર્યક્રમની વિસ્તૃત જાહેરાત સમયાંતરે કરવામાં આવશે એવી સૂચના શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વે.મૂ.પૂ.જૈન સંઘના ટ્રસ્ટીગણ અધિકારીગણ, કારોબારી મંડળ તથા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ દ્વારા અપાઈ છે.

# ડોંબિવલીમાં ડ્રામાની રજૂઆત મોકુફ રખાઈ

મુંબઈ મહાજન દ્વારા ડ્રામાની રજૂઆત તા.૧૯ માર્ચ ૨૦૨૦ ગુરૂવાર રોજે ડોંબિવલી મધ્યે આયોજિત કરાઈ હતી. જે સરકાર દ્વારા પ્રતિબંધિત કરાયેલા આદેશને લીધે સદર નાટક રજૂઆત મોકૂફ રખાઈ છે. જે માટે મુંબઈ મહાજન દિલગીર છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની યોજનામાં બે ગોલ્ડ પેટ્રન તથા બે દિવ્યાંગ પાલક નોંધાયા



શ્રીમતી અનિતા જીવરાજ લોડાયા મોટી ખાવડી-થાણા હસ્તે ક્રિઆન નિખિલ લોડાયા તથા કુમાર ધવલ મયૂર લોડાયાના ૨૦ માર્ચની પુણ્ય સ્મૃતિ માટે હસ્તે માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા મોટી ખાવડી-ઘાટકોપર પ્રત્યેક એ રૂ.૫૦ હજારની રકમ આપી ગોલ્ડ પેટ્રન તરીકે નામ નોંધાવ્યા છે.

સમાજના દિવ્યાંગો જે શારીરિક તેમજ માનસિક પડકારો ઝીલી નિયતી અને વિધાતાએ આપેલ મુશ્કેલીઓના સામે હસતા મુખે સામનો કરવા સક્ષમ છે. આ સાહસિક લડવૈયાઓને સહાનુભૂતિ નહીં પણ હૂંફ અને સાથ આપી સમાજ એમનો ભેરુ બને એ પ્રગતિશીલ સમાજની નમ્ર જવાબદારી છે. એ સમજી એક દિવ્યાંગ વ્યક્તિના એક વર્ષ માટે પાલક બનનારા ચીમનલાલ હીરજી ખોના, નલિયા-માટુંગા તથા નરેન્દ્ર જયંચદ લોડાયા, નલિયા-માટુંગા પ્રત્યેક એ રૂ.૫૦ હજાર નોંધાવી દિવ્યાંગજનના દીપક બન્યા છે. ઉપરોત ચારોય ઉદાર દિલ પરિવારોની અઢળક અનુમોદના અને તેમનાથી પ્રેરણા લઈ અન્ય પણ આ માટે આગળ આવે એ જ અભ્યર્થના.







# વર્ધમાન શક્રસ્તવ અભિષેકના ઐતિહાસિક આયોજન માટે વિધિકાર માટે તાલીમ વર્ગ

કચ્છના દરેક ગામમાં તા.૨૩ મે ૨૦૨૦ શનિવારના વર્ધમાન શક્રસ્તવ અભિષેક રૂપે પરમાત્મા ભક્તિનો ઉત્કૃષ્ટ અને ઐતિહાસિક આયોજન કરાશે. જેમાં વિધિકાર તરીકે જોડાવાનો મહામૂલો પ્રસંગ કોઈક પૂર્વના મહાનકર્મોના પુણ્યોદય રૂપે પ્રાપ્ત થશે. વિવિધ પાઠશાળાના શિક્ષિકા બહેનો પોતાની પાસે ભણતા અથવા અગાઉ ભણી ગયેલા યુવા ભાઈઓને આ મહા આયોજનમાં જોડાવા પ્રેરક બની શકે છે. અભિષેકના તાલીમ વર્ગ અઠવાડિયામાં બે દિવસ સાંજે ૮ કલાકે મુંબઈના વિવિધ સેન્ટરોમાં રાખવામાં આવશે. તાલીમ આપવા દરેક સેન્ટરમાં કાબેલ વિધિકારોને જવાબદારી સોંપવામાં આવેલ છે. પરમાત્મા ભક્તિના ઉત્કૃષ્ટ કાર્યને પોતાનું સમજી સૌએ ઉછળતા ભાવે સહકાર આપે. તે ઉપરાંત બીજા પણ વિધિકાર બની શકે તેવા યુવાન ભાઈઓ જે કોઈના ધ્યાનમાં હોય તો તેમને આ કાર્યમાં જોડાવવા પ્રેરણા આપશો તો મહાનપુણ્ય કાર્યનો લાભ પણ તમને પ્રાપ્ત થશે. આને લગતી વિશેષ માહિતી માટે રામજીભાઈનો ૯૩૨૩૧૯૧૦૫૦ ઉપર સંપર્ક કરવો.

## બારોઈ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ સાથે ધર્મ આરાધનાઓ થઈ







બારોઈ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે અઢાર અભિષેક સાથે વિવિધ ધર્મ આરાધનાઓના કાર્યક્રમ સાથે ભક્તિભાવ પૂર્વ રીતે ધ્વજારોહણ મહોત્સવ તા.૧૦ માર્ચ મંગળવાર અને તા.૧૧ માર્ચ બુધવારના પ.પૂ.આ.ભ.શ્રીવીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.સાધ્વીજી કુમુદકિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પુનીત નિશ્રામાં થયો.

સ્થાનિક સંઘના તેમજ દેશદેશાવર તેમજ બહારગામથી પધારેલ શ્રધ્ધાળુ શ્રાવક શ્રાવિકાઓની ભક્તિપૂર્ણ ઉપસ્થિતિમાં સર્વે ધર્મ આરાધનાઓ થઈ જેનો સૌ લાભ પામી ધન્ય ધન્ય થયા હતા.

## ગોએરસમા જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે અઢાર અભિષેક તથા ધ્વજારોહણ કાર્યક્રમ





ગોએરસમા નગરે જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ કાર્યક્રમમાં અઢાર અભિષેક સાથે વિવિધ ધર્મ આરાધનાઓ તા.૧૦ માર્ચ ૨૦૨૦ મંગળવારના પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. સાધ્વીજી કુમુદકિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં સ્થાનિક તથા બહારગામથી પધારેલ બહુસંખ્ય શ્રાવક શ્રાવિકાઓના ઉમળકાભેરના સહભાગથી થઈ. ધર્મ ભક્તિના આ આયોજનમાં સૌ ભાવથી જોડાઈ ધન્ય થયા હતા.



## સાંયરા ગામે સમસ્ત મહાજનના સહયોગથી જળ સંચય કામનું શુભારંભ થયું



તા.૧૩ માર્ચ ૨૦૨૦ શુક્રવારના અબડાસા તાલુકાના સાંયરા ગામે જળ સંચય કાર્ય અર્થે સમસ્ત મહાજન સંસ્થા તેમજ સાંયરા ગામના જમાઈ પ્રતાપભાઈ ચોથાણીની ભાગીદારીથી સાંયરાગામના ખેતલાસર (મોટા) તળાવનું કામ જેમાં ગાંડા બાવળને દૂર કરી તળાવને ઊંડું કરવાનું કામ જેસીબી દ્વારા શરૂ કરાયું

જળ સંચય કાર્યના શુભારંભે અતિથિ વિશેષ તરીકે માર્ગદર્શન આપવા નાના ભાડીયાના દેવાંગ ગઢવી, સમસ્ત મહાજનના હિતેશભાઈ શાહ,સંદીપભાઈ શાહ, સાંયરા ગામના સરપંચ જયુભા બાપુ, ઉપસરપંચ હાસમભાઈ મંધરા, વાલજીભાઈ ખોના, નરેન્દ્રભાઈ લોડાયા, ભરતભાઈ ઠક્કર, દિનેશ પટેલ, વાલજીભાઈ ચૌહાણ, સાલેમામદ મિસ્ત્રી, ભરતસિંહ જાડેજા, આદમ કુંભાર, જુસબભાઈ સુમરા, મોડ બાલુભા ઉતમભાઈ શાહ, હિતેશ મારાજ, આરીખાણા સરપંચ મહાવીર સિંહ જાડેજા ઉપરાંત સાંયરા ગામવાસીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

પ્રવક્તા તરીકે દેવાંગભાઈ ગઢવીએ જળ બચાવ માટે શું કરવું જોઈએ તેમ માહિતી આપી હતી. ઉત્તમભાઈ શાહએ મહેમાનોને આવકાર આપ્યો. સાંયરા મહાજ તથા સાંયરા વિકાસ મંડળ ગામ માટે સહાય તત્પર છે એની ખાત્રી આપી હતી. ઉપસરપંચશ્રીએ સમસ્ત મહાજન સંસ્થા તેમજ સાંયરા વિકાસ મંડળ સાંયરા માટે સદાય તત્પર રહે છે એ માટે હર્ષ વ્યક્ત કર્યો હતો. પધારેલ સૌનું સાંયરા ગ્રામ પંચાયત વતી સત્કાર કરી આભાર વ્યક્ત કરાયો. સાંયરા વિકાસ મંડળ તેમજ મુંબઈ મહાજન દ્વારા ફોન દ્વારા શુભેચ્છા સંદેશો આપી કાર્ય સફળતા માટે અભિનંદન આપ્યા હતા.

## સતીશ નાગડા તિરૂપુરની સામાજિક સંસ્થાના વાઈસ પ્રેસિડન્ટ નિમાયા





તા.૯ માર્ચ ૨૦૨૦ના સતીશ નાગડાની તિરૂપુરની સામાજિક સંસ્થા મુયાર્ચી મક્કલ અમ્મઈપુના વાઈસ પ્રેસિડન્ટ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ સંસ્થાના પદાધિકારીઓ આ પ્રમાણે છે - પ્રેસિડન્ટ - એન.ચિદમ્બરમ, ફર્સ્ટ વાઈસ પ્રેસિડન્ટ - સતીશ એચ. નાગડા, સેકન્ડ વાઈસ પ્રેસિડન્ટ - અરૂમુગમ, સેક્રેટરી - પરમશિવમ્, ફસ્ટ જોઈન્ટ સેક્રેટરી - રંગરાજ, સેકન્ડ જોઈન્ટ સેક્રેટરી - દેઈવાસીગમની.

# મુમુક્ષુ નિર્મળાબેન ગાલાના સંયમી જીવનના વસ્ત્રોને રંગવાને કેસર છાંટણા કરાયા













શુક્રવાર તા.૧૩ માર્ચ ૨૦૨૦ના રોજ દાદરના હિંદમાતા સંઘમાં મુમુક્ષુ નિર્મળાબેન ગાલાના દીક્ષા પ્રસંગે સંયમી જીવનના વસ્ત્રોને રંગવાનો અને તેના પર કેસર છાંટણાનો કાર્યક્રમ સાહિત્ય દિવાકર રાજસ્થાન દક્ષિણ દિપક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવનકારી નિશ્રામાં સવાર સમયે યોજાયો હતો.

# ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ તેરાની સમૂહ પેડી મુલત્વી રહી

હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસના પ્રકોપ સામે જાગૃતિ માટેના પગલા લેવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા નોટીફીકેશન સૂચનાઓ જાહેર કરાઈ છે. જેને અનુલક્ષી તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારના મોતા પરિવારના કુળદેવી અંબાઈ માતાજીની સમૂહ પેડી હાલ પુરતી મુલત્વી રખાયેલ છે. જેની ભાવિકગણ નોંધ લે. એ સૂચના ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા-તાલુકા અબડાસા કચ્છ દ્વારા અપાઈ છે.

# ભાંડુપ સંઘમાં ક્ષેત્રપાલ દાદાની પેડી જુહારવામાં આવી





શ્રી આદેશ્વર દાદા જિનાલય ભાંડુપના પટાંગણમાં અનંતસિધ્ધિમાં બિરાજમાન ક્ષેત્ર રક્ષક ક્ષેત્રપાળ દાદાને દર વર્ષની જેમ શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સંઘ ભાંડુપ દ્વારા પેડી પ્રસાદ જુહારવામાં આવે છે. તે પ્રમાણે આ વરસે પણ સકળ સંઘના ભાવિકજનોના સંગાથે ભવ્યતાથી પેડી પ્રસાદ જુહારવામાં આવી. સૌ ઉમંગ સાથે જોડાઈ પેડી પ્રસાદ આયોજનને સફળતા અપાવી હતી.









# ખામગામ સંઘમાં પ.પૂ.સાધ્વી ચંદ્રસુધાશ્રીજી મ.સા.ની દીક્ષા તિથિની અનુરાગ ભાવે વંદના કરાઈ

ખામગામ તીર્થમાં વિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાકારી પ.પૂ.સાધ્વીજી ભગવંત વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના સૌથી નાના શિષ્ય મહારાજ સાહેબ સાધ્વી ચંદ્રસુધાશ્રીજી મ.સા.ની તા.૧ માર્ચ ૨૦૨૦ના તિથિ તેમજ તારીખ અનુસાર દીક્ષા દિનનો સૌભાગ્ય દિવસ હતો.

આજની તિથિ અને આજની તારીખ દિવસે પ.પૂ.સાધ્વીજી ભગવંતની દીક્ષા થઈ હતી. આવો સૌભાગ્ય અવસર ખામગામમાં આવ્યો એ સંઘ માટે સૌભાગ્ય પૂર્ણ અવસર છે. આજના ધન્ય દિને સંઘના સૌ નમ્ર ભાવે પ્રભુ આદિનાથજીને એ જ પ્રાર્થના કરે છે કે પ.પૂ.સાધ્વીજી ભગવંતનુ સંયમ જીવન ધર્મ આરાધના સાથે તપસ્યા ભર્યા અને સ્વસ્થતા પૂર્ણ રહે.

શ્રી સંઘ એ સંઘના સૌ શ્રાવક શ્રાવિકાઓ આ જના પાવન દિવસ માટે થઈ શકે એટલુ પુણ્ય ઉર્પાજન કરે, સામાયિક, દેવદર્શન સેવા પૂજા, નવકારવાડી, ગાયોને ચારો નીરે, કુતરાઓને રોટી ખવડાવે અને સાથો સાથ પ.પૂ.મ.સા.ના સ્વાસ્થ્યમય સંયમજીવનની મનોકામના કરે એવી સદઈચ્છા વ્યક્ત સાથે વિનંતી કરી હતી.

# તિરૂપુરમાં ફાગણી તેરશની ઉત્સાહપૂર્ણ ઉજવણી







તા.૭ માર્ચ ૨૦૨૦ના તિરૂપુર સ્થિત શ્રી સુવિદિનાથ જૈન દેરાસરમાં ફાગણી તેરશની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ રાખવામાં આવેલા પાલનો લાભ લેનાર ભાવિકો હતા - બુંદી અને સેવ - પુષ્પાબેન હંસરાજ નાગડા અને આશાબેન મહેશ રાંકા, માધુરીબેન માણેકજી નાગડા, લીંબુ શરબત - રશ્મિબેન બુધ્ધિધન મોમાયા, શેરડીનો રસ - સ્નેહાબેન સુભાષ મોમાયા અન્ય ભાવિકો દવારા પણ કચોરી, ફ્રુટ્સ, ખજૂર ઈત્યાદિ સ્પોન્સર કર્યા હતા. આ ઉજવણીમાં ૧૨૫ જેટલા ભાઈ-બહેનો સહભાગી થયા હતા. આ કાર્યક્રમનું આયોજન પુષ્પાબેન નાગડા, પ્રિયાબેન, ઉજ્વલબેન, લલીતાબેન, સરિતાબેન, સ્મિતાબેન તેમજ શ્રી સુવિધિનાથ સામાયિક મંડળના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ સદભાગીઓએ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# લક્ષ્મીબેન વીરજી લધા ગર્લ્સ હોસ્ટેલની છાત્રાઓએ વિશ્વ મહિલા દિવસની ઉજવણી હોસ્ટેલ વોર્ડનના ગુણોરાગ દ્વારા કરી



ઘાટકોપર સ્થિત લક્ષ્મીબેન વીરજી લધા ગર્લ્સ હોસ્ટેલની છાત્રાઓએ તા.૮ માર્ચ રવિવારના વિશ્વ મહિલા દિવસની ઉજવણી પોતાની સગીમમ્મીથી દૂર રહી પોતાના બીજા ઘર જેવા હોસ્ટેલમાં બીજી મમ્મીની છત્રછાયામાં સુરક્ષિત રહે છે એવા ભાવ વ્યક્ત કરતાં બીજી મમ્મી એવા હોસ્ટેલ વોર્ડના જીજ્ઞાબેન લોડાયાના કાર્યોને તેમની શૈલીને અને છાત્રાઓ પ્રત્યે તેમના હેતભાવ, અનુરાગના ગુણોને યાદ કર્યા હતા. વર્ષ ૨૦૧૮માં હોસ્ટેલ સાથે જીજ્ઞાબેન લોડાયા જોડાયા ત્યારથી આજ સુધી અત્રેની વિદ્યાર્થીનીઓને ગમે એવી શૈલીથી આહાર જીવનશૈલી અને વિવિધ ઉત્સવો ઉજવવાની શરૂઆત કરી છાત્રાલયની ૬૦ જેટલી બાળાઓના દિલ જીતી લીધા.

ગૃહમાતા પ્રત્યે અહોભાવ તેમની કાર્યશૈલીના ગુણગાન એક અનોખી રીતે વ્યક્ત કરી પોતાની હૃદયો ઉર્મિ શબ્દ દ્વારા સર્જી આ સંબંધને ઉચ્ચશ્રેણીમાં છાત્રાઓએ મૂક્યો છે. છાત્રાઓનો આવો પ્રેમ જીતનાર ગૃહમાતા જિજ્ઞાબેન લોડાયા ખરેખર પોતાની ફરજ ને સફળ રીતે આત્મસાત કરી બતાવી દીધી છે.

**વો એક હોકર બહોંત કો દેખતી હૈ, માઁ ના હોકર ભી માઁ કા ફરજ નિભાતી હૈ**
**ઉસે ચિંતા હૈ આપકી ઉસલિએ રોકતી હૈ ઔર આપ સોચતે હો ક્યૂં કિ મૂલમેં હમેં ટોકતી હૈ.**

# તિરૂપુરમાં મહિલા દિન નિમિત્તે ટુ વ્હીલર રેલી યોજાઈ



તા.૮ માર્ચના બપોરે ૩.૪૫ કલાકે તિરૂપુરમાં શ્રી તેરાપંથી ભવનની મહિલા વિંગ દ્વારા ટુ વ્હીલર રેલીનું આયોજન કરીને મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ ઓફિસર સંજય રાયપુરમ વોર્ડના કાઉન્સિલર દ્વારા શ્રી સુવિધિનાથ જૈન દેરાસર ખાતેથી આ રેલીને ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. રેલી શરૂ થયા પહેલા સૌ ઉપસ્થિતો માટે શ્રી સુવિધિનાથ સામાયિક મંડળના સભ્યો દ્વારા કોલ્ડ્રીંક, ચા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રેલી શ્રી સુવિધિનાથ જૈન દેરાસરથી શરૂ થઈ ૨.૫ કિ.મી. દૂર આવેલા તેરાપંથી ભવન ખાતે સમાપ્ત થઈ હતી. કાર્યક્રમ બાદ સભ્યો માટે ચોવિહારનું આયોજન કરવામાં આવ્યું હતું.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત નલિયા વાયુ સેના મથક દ્વારા મેરેથોન દોડનું આયોજન ભારત સોલ્ટ ફેક્ટરીથી આરંભ કરાયો હતો. આમાં ૭૫ કિ.મી., ૧૦૦ કિ.મી. અને ૧૬૦ કિ.મી. એમ ત્રણ વિભાગ રખાયા હતા. એર, હેડક્વાર્ટર અને કોસ્ટ ગાર્ડના જવાનો આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ક્યારેય હાર ન માનવીએ અભિગમ સાથે સ્પર્ધકો આકરી તાલીમ લઈને જોડાયા હતા. આ સ્પર્ધામાં ૭૫ કિ.મી. દોડ ૧૨ કલાકમા, ૨૦૦ કિ.મી. દોડ ૨૪ કલાકમાં અને ૧૬૦ કિ.મી. દોડ ૩૬ કલાકમાં પૂરું કરવાનું ટાર્ગેટ અપાયું હતું.

● પંજાબ ખાતે રાષ્ટ્ર લેવલની સિનિયર મેન એન્ડ વુમન સહિત રોક બોલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં આણંદની એ આઈ.બી.એસ.માં અભ્યાસ કરતાં નખત્રાણા તાલુકાના નાના અંગિયાના શરદ નરશીભાઈ પોકારે ગુજરાત વતી પ્રતિનિધિત્વ કરી સારો દેખાવ કર્યો હતો.

● ક.વી.ઓ.દ્રષ્ટિ ફાઉન્ડેશન ફોર બ્લાઈન્ડના ઉપક્રમે માટુંગા મુકામે ૬૦૦ દ્રષ્ટિહીન પરિવારોને અનાજની કિટનું વિતરણ પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાના હસ્તે કરાયું હતું. આ પરિવારોને છેલ્લા ૧૭ માસથી દર માસે અનાજની કિટસનું વિતરણ કરાય છે.

● ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાની સી.એ.ફાઉન્ડેશનની પરીક્ષામાં ભુજની જે.બી.ઠક્કર કોર્મસ કોલેજ ભુજના વિદ્યાર્થી નીર દિલીપભાઈ મહેતા ભારતભરના ૮૭૦૮૪ વિદ્યાર્થીઓમાંથી ૩૪મા ક્રમે આવી કચ્છનું ગૌરવ વધાર્યું છે.

● ભુજના રઘુવંશી સમાજના આલોક વિનોદભાઈ ઠક્કર અને અંજલિ રાજીવભાઈ રામાણીના લગ્નપ્રસંગના અવસરે વિવાહની થીમ ઈકો ફ્રેન્ડલી રખાઈ હતી. ભુજોડીના રિસોર્ટ ખાતે થયેલ લગ્નની કંકોતરી વરપક્ષની તુલસી બીજ જ્યારે વધૂપક્ષની કંકોતરી હજારી ફૂલના બીજ વાળી બનાવાઈ હતી. કંકોતરીને ગરમ પાણીમાં ૨૪ કલાક પલાળવા બાદ કુંડામાં નાખી પાણી સીંચવાથી છોડ આપો આપ ફૂટે એવી ઘડાઈ હતી. ડેકોરેશનમાં પ્લાસ્ટિક કે ડિસ્પોઝેબલ કોઈ વસ્તુ ન વપરાઈ. આઈસ્ક્રીમ જીશમાં ચોકલેટ ફ્લેવરની એડિબલ સ્પૂન જે આઈસ્ક્રીમ જોકે છેલ્લે ખાઈ જવાની. વાતાવરણ પ્રદુષિત ન થાય એ માટે ફાયર વર્કસનો બિલકુલ વપરાશ ન કરાયો. ડેકોરેશનમાં ઈલેક્ટ્રીસિટીનો ઓછો વપરાશ થાય એ માટે એલ.ઈ.ડી. લાઈટ લગાવાઈ હતી.

● ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા સૌ પ્રથમવાર કચ્છના નાના અને મોટા રણમાં પક્ષીવિદતો મદદથી પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી. તેમાં મોટા રણમાં ચાર લાખ પંચ્યાસી હજારથી વધુ અને નાના રણમાં ચાર લાખથી વધુ પક્ષીઓ જોવા મળ્યા લેવાની નોંધ કરાઈ હતી. વન વિભાગ દ્વારા એવું પણ જણાવાયું હતું કે કચ્છના મોટા રણમાં ફ્લેમિંગોની ખૂબ મોટી માળા વસાહત વિકસી છે.

● ભુજના મારૂ કંસારાઓની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા કંસારા બજાર સ્થિત લગ્નવાડીમાં સ્થળ પર જ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને વાનગી બનાવવાની હરીફાઈ યોજાઈ. જેમાં સમાજની મહિલાઓએ ભાગ લીધો હતો. કૂકીંગ એક્ષ્પર્ટ અનિતાબેન ધોળકિયા અને ડાયટીશિયન વિશાખાબેન ભાવસારે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. વિજેતાઓને ઈનામથી નવાજાયા હતા.

● જિલ્લામાં અગ્રસ્થાન ધરાવતી અંજાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન પદની ચૂંટણીમાં સહકારી ક્ષેત્રના સુશિક્ષિત મિકેનિકલ એન્જિનીયર આગેવાન વલમજીભાઈ આર. હુંબલની સતત નવમી વાર ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરાઈ હતી. તેઓ જિલ્લાની અનેક સહકારી સંસ્થાઓ સંગઠનો સાથે સક્રિયપણે જોડાયેલા છે. જિલ્લાની સરહદ ડેરીના ચેરમેન તથા અમુલ ડેરીના ડાયરેક્ટર તરીકે પણ તેઓ છે.

# ભલારા દાદા, સચ્ચાઈ માતા, ક્ષેત્રપાળ દાદા, મોટી વરંડીની મુંબઈ મધ્યે ૧૧ મી સળંગ પહેડી




ફાગણ સુદ ૭ને રવિવાર તા.૧ માર્ચ ૨૦૨૦ના સવારે ૮.૩૦ કલાકે ફૂકરેજા મીની હૉલ, એલ.બી.એસ.રોડ, ભાંડુપમાં ભલારા દાદા ભાવિક ગ્રૂપ, વરંડી ભાવિકો દ્વારા માતુશ્રી મેઘબાઈ કેશવજી લોડાયા (પીર), બાયઠ પરિવારના સૌજન્યથી આયોજન કરવામાં આવેલ. પ્રથમ ભૂદેવ શ્રી શશીકાંતભાઈ જોશી દ્વારા ગણેશજીની સ્થાપના લાભાર્થી પરિવારના કુટુંબીજનોના સથવારે શુભ શરૂઆત કરવામાં આવેલ.

ભૂવા શ્રી મનોજભાઈ ધ્રોળ તથા પારિવારિક ભૂઈમાં નિર્મળાબેન પ્રવીણ પીરના માર્ગદર્શનથી લાભાર્થી પરિવારના કુટુંબીજનો તથા ભાવિકો સહ સંગીતના સથવારે વાજતે ગાજતે માતાજી, ભલારા દાદા, ક્ષેત્રપાળ દાદાને શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપના કલાકારો દ્વારા વિધિવત આમંત્રી બિરાજમાન કરવામાં આવેલ. અનંત મિત્ર મંડળ, ભાંડુપના ભાઈઓ દ્વારા દર વર્ષની જેમ નવકાર મંત્રની ધૂનથી શુભ શરૂઆત કરી દેવ દેવીઓના આવાહન કરી ભક્તિ ભાવથી ભાવના કરવામાં આવેલ. ગ્રૂપના ભાવિકો દ્વારા પણ સુંદર ગીતો રજૂ કરવામાં આવેલ. વાર્ષિક અહેવાલ દર વર્ષની જેમ મણીલાલ દેવશી લોડાયાના પ્રમુખ પદે મંત્રી રમેશ લોડાયા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ.

પહેડી દરમ્યાન સભામાં આવતા વર્ષની માગશર સુદ-પની ધ્વજા લહેરાવવાનો ચડાવો લેવામાં આવેલ જેનો ઉછળતા ભાવે ભાવિકોએ ચડાવામાં ભાગ લીધેલ અંતે આદેશ માતુશ્રી તારાબેન કલ્યાણજી લોડાયા, મંજલ - મુલુંડ પરિવારને આપવામાં આવેલ તથા ઘુમ્મટના ચડાવાનો લાભ માતુશ્રી ચંદનબેન કલ્યાણજી લોડાયા, વરંડી પરિવારને આદેશ આપવામાં આવેલ. પહેડીના દાતા માતુશ્રી મેઘબાઈ કેશવજી પીરના કુટુંબીજનોનું તિલક, માળા, શ્રીફળ તથા શાલથી બહુમાન કરવામાં આવેલ તેમજ આવતા વર્ષના ધ્વજાના લાભાર્થી બને પરિવારોનું તિલકથી બહુમાન કરી અનુમોદના કરવામાં આવેલ.

ભાવના ભક્તિ દરમ્યાન રાસ - ગરબા તથા ભાવિકો દ્વારા સમૂહ આરતી કર્યા બાદ પ્રસાદનો લાભ લઈ સૌ છૂટા પડ્યા.




# ચાલીસગામ સંઘમાં ત્રણ સુશ્રાવકોના કેશ લોચ કરાયા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો તા.૧૧ માર્ચ ૨૦૨૦ બુધવાર સવારે ૯.૧૫ થી ૧૦ કલાક સુધી સંક્ષિપ્ત વ્યાખ્યાન બાદ સંઘના ત્રણ સુશ્રાવક પ્રમુખ ઈન્દ્રેશભાઈ પોલડીયા, માનદમંત્રી ચંદ્રેશભાઈ લોડાયા અને મેતાજી હેમંતભાઈ નાગડાના સામૂહિક કેશ લોચ વિધિ કરાઈ. બાહ્યતપના એક પ્રકાર સ્વરૂપ કેશ લોચ અવસરે સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓએ નવકાર મહામંત્રની ધૂન સાથે અનુમોદના કરી હતી.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO